Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ００૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, NEP-2020 અંતર્ગત સ્નાતક કક્ષાએ (જે વિદ્યાશાખામાં એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા ન હોય તેવી વિદ્યાશાખા) સેમેસ્ટર–૧ દરમ્યાન VAC કોર્સ અંતર્ગત IKS (BKS) કોર્સ સંદર્ભે યુનિવર્સિટી ખાતે કાર્યરત સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝને IKS સેન્ટર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જે અંતર્ગત સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ ખાતે ચાલતા Hindu Studies પ્રોગ્રામ માટે નિયુક્ત એડહોક બોર્ડ / અભ્યાસ સમિતિની તા.૨૧/૧૦/૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૧, ૫, નો નીચે દર્શાવ્યા અનુસાર એકેડેમિક કાઉન્સિલની તા.૦૪/૧૧/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦ થી સ્વીકારી નીચે મુજબ ઠરાવેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**ભલામણ ક્રમાંકઃ૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, BKS ના પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. જયારે વિદ્યાર્થી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉત્તર લખી શકે જે અંગે ભલામણ કરવામાં આવે છે.

**ભલામણ ક્રમાંકઃ૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, BKSના પ્રશ્નપત્રનું નીચે મુજબનું માળખું મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

(Total Marks :25 and 2 Hours)

| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન–૧ | 7 - MCQ | (દરેકનો ૧ માર્કસ) | (7 Marks) |
| પ્રશ્ન–૨ | સવિસ્તાર પ્રશ્ન | (૨ માંથી કોઈ પણ ૧) | (6 Marks) |
| પ્રશ્ન–૩ | સવિસ્તાર પ્રશ્ન | (૨ માંથી કોઈ પણ ૧) | (6 Marks) |
| પ્રશ્ન–૪ | ટૂંકનોંધ લખો | (૪ માંથી કોઈ પણ ૨) | (6 Marks) |

વધુમાં એકેડેમિક કાઉન્સિલની તા.૦૪/૧૧/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦ થી ઠરાવ્યા અનુસાર સેમેસ્ટર–૧ દરમ્યાન VAC કોર્સ અંતર્ગત IKS(BKS) કોર્સની વિવિધતાને ધ્યાનમાં લઈ તેને માટે જરૂરી નિષ્ણાંતો અને રિસોર્સ પર્સનની ગોઠવણ કોલેજો/ સંસ્થા/ વિભાગો દ્વારા કરવામાં આવે છે. આથી IKS(BKS) કોર્સની જરૂરિયાત મુજબ બાહ્ય મૂલ્યાંકન માટે જે તે વિષયના નિષ્ણાંતોની યાદી બાહ્ય પરીક્ષક તરીકે નિમણૂંક આપવાની ભલામણ સાથે કોલેજ/ સંસ્થા/વિભાગના વડાએ યુનિવર્સિટી પરીક્ષા વિભાગને મોકલવાની રહેશે. સદર યાદી મુજબ યુનિવર્સિટી પરીક્ષા વિભાગે જે તે કોલેજ માટે ભલામણ અનુસાર પરીક્ષક (એક્ષટર્નલ એકઝામીનર) તરીકે નિમણૂંક આપવાની રહેશે. નિમણૂંક પામેલ પરીક્ષકોએ (એક્ષટર્નલ એકઝામીનર) યુનિવર્સિટીના પરીક્ષક તરીકેની સંપૂર્ણ કામગીરી કરવાની રહેશે તથા યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ સાથે મૂલ્યાંકન જમા કરાવવાનું રહેશે.

ક્રમાંક : એસ./પરિપત્ર/૨૮૬૪૪/૨૦૨૩
તા.૦૭–૧૧–૨૦૨૩

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ. અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૪) જોડાણ વિભાગ, એકેડેમિક અને પીજી વિભાગ, હિસાબી વિભાગ, વી. ન. દ. ગુ. યુનિ. સુરત.
૫) કો–ઓર્ડિનેટરશ્રી, IKS Centre - Centre for Hindu Studies, વી. ન. દ. ગુ. યુનિ. સુરત.

...... જાણ તથા અમલ કરવા સારૂ.